

# ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ‘‘ઈન્શ્યુરન્સ ખાતા’’ પ્લાન

(નોન લિંક્ડ, બિન સહભાગી, સૂક્ષ્મ વીમા યોજના)

A Joint Venture of

Bank of Baroda Legal & General Andhra Bank

IndiaFirst LIFE INSURANCE

## તમે આ વાંચવાનું શરૂ કરવા પૂર્વે ધ્યાનમાં લેવાના મુદ્દા

### મહત્ત્વપૂર્ણ નોંધ

ઈન્ડિયાફર્સ્ટ લાઈફ 'ઈન્શ્યુરન્સ ખાતા'' પ્લાનને આ આખા પત્રકમાં પ્લાન અથવા યોજના અથવા પોલિસી તરીકે સંદર્ભિત કરાયો છે.

### આ પત્રક તમને કઈ રીતે મદદરૂપ થવા ?

આ પત્રકમાં તમારી પોલિસી તેના જીવનકાળમાં કઈ રીતે કામ કરે છે તેની વિગતો આપવામાં આવી છે. આ સંદર્ભ માટે મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે.

### તમને સમજવામાં મદદરૂપ થવા

અમે શક્ય તેટલું બધું જ આસાનીથી સમજાવવાનો અમારો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે. જોકે તેમાં આવનારા અમુક મુદ્દાઓથી તમે અપરિચિત હોવાની શક્યતા છે. આથી શક્ય હોય ત્યાં અમે તે સમજાવ્યું છે. અમે સમજવા માટે આસાન ભાષાનો ઉપયોગ કર્યો છે અને માનીએ છીએ કે આ પત્રક આ વીમા યોજના લેવાનો વિચાર કરાય ત્યારે આરંભ કરવા માટે ઉત્તમ માધ્યમ છે.

## અનુક્રમણિકા


| | પાનાં નં. |
|---|---|
| પ્રસ્તાવના | 2 |
| એક્ઝિક્યુટિવ સમરી | 2 |
| 1. ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ ખાતા પ્લાન વિશે | 2 |
| 2. પોલિસીની મુદત | 2 |
| 3. પ્રીમિયમ ચુકવણી માધ્યમ | 2 |
| 4. વીમિત કોણ છે | 2 |
| 5. નોમિની કોણ છે | 3 |
| 6. તમે રોકાણ કરેલી રકમ | 3 |
| 7. જીવન રક્ષણ | 3 |
| 8. મૃત્યુ લાભ | 3 |
| 9. મેચ્યુરિટી લાભ | 3 |
| 10. કર લાભ | 3 |
| 11. સુપરત લાભ | 3 |
| 12. તમારી પોલિસી રદ કરવી | 4 |
| 13. લોનના લાભ | 4 |
| 14. વીમિત દ્વારા આત્મહત્યા | |
| 15. આ પોલિસીનો ઉપયોગ તમે કઈ રીતે કરી શકશો | 4 |
| 16. રિબેટની બંધી | 8 |
| 17. છેતરપિંડી અને ખોટું આલેખન | 8 |
| 18. ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ વિશે | 8 |
| બીડાણ – એ – | 8 |

## પ્રસ્તાવના

### બચત હવે આસાન બનાવાઈ છે!

તમારા પરિવારની ખુશીમાં તમે મુખ્ય આધાર છો. તમારા વહાલાજન તેમના રોજબરોજના કમ્ફર્ટ સાથોસાથ તેમનાં સપનાં સાકાર કરવા માટે પણ તમારી પર આધાર રાખે છે. તેમનાં આ સપનાં સાકાર કરવા માટે તમે સખત મહેનત કરો છો ત્યારે તમારી કમાણીની પાઈપાઈની કદર થવી જોઈએ અને તેનો મહત્તમ સદુપયોગ થવો જોઈએ એવું તમે વિચારતા હોય તે સ્વાભાવિક છે.

આને ધ્યાનમાં રાખીને જ અમે લાવ્યા છીએ, ઈન્ડિયાફર્સ્ટ લાઈફ "ઈન્શ્યુરન્સ ખાતા" પ્લાન. આ સૂક્ષ્મ વીમો છો, જે પ્રીમિયમ પ્લાનના રિટર્ન સાથેનું ટર્મ એશ્યોરન્સ છે. આ ઓવર ધ કાઉન્ટર યોજના તમારી બે રીતે સંભાળ લે છેઃ તમારા અકાળે નિધનના સંજોગોમાં તમારા પરિવારની જરૂરતો પૂરી કરે છે અને જો કોઈ જ અજુગતી ઘટના નહીં બને તો તમારાં નાણાં સુરક્ષિત રીતે તમને પાછાં મળે છે.

તો તમારા વહાલાજન અને તમારાં નાણાંને આ યોજના સાથે અગાઉ ક્યારેય નહીં તેવી સલામતી પૂરી પાડો!

## એક્ઝિક્યુટિવ સમરી

### મુખ્ય વિશિષ્ટતાઓ

- આ યોજના તમારા પરિવારને નાણાકીય રક્ષણ પૂરું પાડવા માટે તૈયાર કરવામાં આવી છે.
- અમે તમારું પ્રીમિયમ પાછું આપી દઈશું!– જો બધું જ બરોબર ચાલે તો તમે ચૂકવેલું કુલ પ્રીમિયમ અમે પાછું આપી દઈશું.
- આરંભમાં જ લાભની ચોક્કસ રકમ વિશે તમને જાણકારી હોવાથી નિશ્ચિંત રહો.
- યોજના સમજવામાં આસાન અને ખરીદી કરવામાં સરળ છે.
- એકલ પ્રીમિયમ થકી ચુકવણી કરો અને તમારી પસંદગી અનુસાર 5/ 7/ 10 વર્ષ માટે રક્ષણ મેળવો.
- તમારી ક્ષમતા અનુસાર તમારું રક્ષણ વધારવા માટે એક વાર અથવા ઘણી વાર એકલ પ્રીમિયમ ચૂકવો.
- દરેક પ્રીમિયમ સાથે નવી પોલિસી જારી કરવામાં આવે છે.

### 1. ઈન્ડિયાફર્સ્ટ લાઈફ "ઈન્શ્યુરન્સ ખાતા" પ્લાન શું છે?

ઈન્ડિયાફર્સ્ટ લાઈફ "ઈન્શ્યુરન્સ ખાતા" પ્લાન નોન– લિંક્ડ, બિન– સહભાગી, પ્રીમિયમ પ્લાનના રિટર્ન સાથેનું ટર્મ એશ્યોરન્સ છે. આ યોજના વીમિત પોલિસીની મુદતના અંત સુધી જીવિત રહેવાના કિસ્સામાં કુલ ચૂકવેલાં પ્રીમિયમ (સેવા કર બાદ કરતાં)ના રિટર્ન સાથે પરિવાર માટે જીવન રક્ષણના સ્વરૂપમાં નાણાકીય રક્ષણ આપે તે રીતે તૈયાર કરવામાં આવી છે.

આ યોજના ખાતરીદાયક લાભો પર કામ કરે છે અને તેથી પોલિસી ખરીદી કરો તે પૂર્વે તેના લાભો વિશે તમને જાણકારી મળે છે. એફોર્ડેબલ રક્ષણ દેખીતી રીતે જ વધારાનો લાભ છે. 25થી 50 વય વર્ષ વચ્ચેના નાગરિકો તૈયાર અને રક્ષણ ખરીદી કરવામાં આસાન હોય તેવો પ્લાન જોતા હોય તેઓ આ પોલિસી લઈ શકે છે.

### 2. યોજનાની મુદત કેટલી છે?

તમે 5 વર્ષ, 7 વર્ષ કે 10 વર્ષ માટે પોલિસી લઈ શકો છો.

### 3. પોલિસીમાં કયાં પ્રીમિયમ ચુકવણી માધ્યમો મળી શકે છે?

પોલિસીમાં ઉપલબ્ધ પ્રીમિયમ ચુકવણી માધ્યમ એકલ પ્રીમિયમ છે.

### 4. વીમિત કોણ છે?

વીમિત એવી વ્યક્તિ છે જેના જીવન પર પોલિસી જારી કરવામાં આવે છે. વીમિતના મૃત્યુ પર લાભ ચૂકવી દેવાય છે. જો વીમિત પોલિસીની મુદતના અંત સુધી જીવિત રહે તો ચૂકવાયેલું કુલ પ્રીમિયમ (સેવા કર બાદ કરતાં) પાછું આપી દેવાય છે. નિમ્નલિખિત કોઈ પણ વ્યક્તિ વીમિત બની શકે છેઃ

| | |
|---|---|
| પ્રવેશ સમયે લઘુતમ ઉંમર | છેલ્લા જન્મદિવસે 25 વર્ષની ઉંમર |
| પ્રવેશ સમયે મહત્તમ ઉંમર | છેલ્લા જન્મદિવસે 50 વર્ષની ઉંમર |
| મેચ્યુરિટી સમયે મહત્તમ ઉંમર | છેલ્લા જન્મદિવસે 60 વર્ષની ઉંમર |

## 5. નોમિની કોણ છે?

નોમિની એવી વ્યક્તિ છે, જે વીમિતના અકાળે નિધનના સંજોગોમાં મૃત્યુ લાભ પ્રાપ્ત કરશે. તમે, વીમિત દ્વારા નિયુક્ત કરાય તે નોમિની હોય છે. નોમિનેશન સમયાંતરે સુધારિત અનુસાર વીમા ધારા 1938ની કલમ 39ની જોગવાઈ અનુસાર હોવું જોઈએ.

## 6. પોલિસીમાં મારે કેટલું પ્રીમિયમ ચૂકવવાનું રહેશે?

તમે રૂ. 500 જેટલી ઓછી અને રૂ. 15,000 જેટલી ઉચ્ચ રકમનું પ્રીમિયમ એકસામટી ચુકવણી થકી ચૂકવીને આ યોજના લઈ શકો છો.

| એકલ પ્રીમિયમ | |
|---|---|
| લઘુતમ (રૂ.) | મહત્તમ (રૂ.) |
| 500 | 15,000 |

## 7. આ યોજનામાં જીવન રક્ષણ કેટલું હોય છે?

તમે નિમ્નલિખિત કોષ્ટક પરથી તમારી જરૂરતને આધારે જીવન રક્ષણ પસંદ કરી શકો છો. પોલિસી દીઠ લઘુતમ/ મહત્તમ વીમિત રકમ નીચે મુજબ છે.

| | |
|---|---|
| લઘુતમ વીમિત રકમ | રૂ. 2,500 |
| મહત્તમ વીમિત રકમ | રૂ. 1,50,000 |

## 8. વીમિતના નિધનના સંજોગોમાં શું થઈ શકે છે?

નિમ્નલિખિત કોષ્ટક અનુસાર વીમિતના નિધનના અજુગતા સંજોગોમાં નોમિની/ એપોઈન્ટી/ કાનૂની વારસદારને એકસામટી રકમ ચૂકવાશે.

| | |
|---|---|
| મૃત્યુ લાભ | મૃત્યુ પર ખાતરીદાયક સંપૂર્ણ રકમ |

મૃત્યુ પર ખાતરીદાયક સંપૂર્ણ રકમ મૃત્યુ પર વીમિત રકમ છે અને નિમ્નલિખિત કોષ્ટક અનુસાર નિશ્ચિત કરાશે:

| પ્રવેશ સમયે ઉંમર | યોજનાની મુદત | | |
|---|---|---|---|
| 25 વર્ષથી 50 વર્ષ | 10 | 7 | 5 |
| મૃત્યુ લાભ | 10*એસપી | 7*એસપી | 5*એસપી |

એસપી = સિંગલ (એકલ) પ્રીમિયમ

## 9. પોલિસીની મુદતને અંતે તમને શું મળશે?

જો વીમિત પોલિસીની મુદતના અંત સુધી જીવિત રહેશે તો પોલિસીધારકને મેચ્યુરિટી પર ખાતરીદાયક એશ્યોર્ડ લાભ મળશે, જે તેણે ચૂકવેલાં બધાં પ્રીમિયમોનું રિટર્ન છે, જેમાં જો કોઈ હોય તો, સેવા કર બાદ કરાશે.

| | |
|---|---|
| મેચ્યુરિટી પર ખાતરીદાયક એશ્યોર્ડ લાભ | કુલ ચૂકવેલું પ્રીમિયમ (સેવા કર બાદ કરતાં) |

## 10. આ યોજનામાં કર લાભો કેટલા છે?

કર લાભો ચૂકવેલાં પ્રીમિયમો અને પ્રવર્તમાન આવકવેરા કાયદા અનુસાર પ્રાપ્તિક્ષમ લાભો પર ઉપલબ્ધ થાય છે. તે સરકારી કર કાયદા અનુસાર સમયાંતરે ફેરફારને આધીન છે. કૃપા કરીને પોલિસી લેવા પૂર્વે તમારા ટેક્સ કન્સલ્ટન્ટની સલાહ લો.

## 11. તમારી પોલિસી સુપરત કરી શકો છો?

હા, જોકે અમે તમારી પોલિસી સુપરત કરવા પ્રોત્સાહન આપતા નથી. આમ છતાં કટોકટીના કિસ્સામાં તાત્કાલિક રોકડની આવશ્યકતા હોય તો તમે સુપરત કરી શકો છો.

તમે પ્રીમિયમની ચુકવણી પછી પોલિસીની મુદત દરમિયાન કોઈ પણ સમયે પોલિસી સુપરત કરી શકો છો. પોલિસી પેઈડ-અપ મૂલ્ય પ્રાપ્ત કર્યા પછી પોલિસીની મુદત દરમિયાન કોઈ પણ સમયે પોલિસીધારક દ્વારા પોલિસી સુપરત કરો તો સુપરત મૂલ્ય ચૂકવશે. પોલિસી જારી કર્યા પછી તાત્કાલિક પેઈડ-અપ મૂલ્ય પ્રાપ્ત કરશે.

સુપરત કરવા પર ચૂકવવાપાત્ર રકમ ગેરન્ટીડ સરેન્ડર વેલ્યુ (જીએસવી) અથવા સ્પેશિયલ સરેન્ડર વેલ્યુ (એસએસવી)ની ઉચ્ચ રકમ રહેશે. જેએસવી પરિબળો સુપરતના પોલિસી વર્ષ અને પોલિસીની મુદત આધાર રાખે છે. જીએસવી પરિબળ જો કોઈ હોય તો, સેવા કર, વધારાનું પ્રીમિયમ બાદ કરીને ચૂકવેલાં કુલ પ્રીમિયમ પર લાગુ થાય છે. એસએસવી પેઈડ-અપ મૂલ્ય દ્વારા એસએસવી પરિબળ ગુણાંક રહેશે. જીએસવી પરિબળ અમારી વેબસાઈટ www.indiafirstlife.com પર જોઈ શકો છો. એસએસવી પરિબળ આઈઆરડીએઆઈની મંજૂરીને આધીન કંપની દ્વારા સમયાંતરે નિશ્ચિત કરાશે.

## 12. શું તમે તમારી પોલિસી પાછી આપી શકો છો?

તમારા પોલિસી દસ્તાવેજ પ્રાપ્ત થયાના પ્રથમ 15 (પંદર) દિવસમાં આ પોલિસીના કોઈ પણ નિયમો અને શરતોથી તમે અસંમત હશો તો આ પોલિસી પાછી આપી શકો છો. જો તમે આ પોલિસી ડિસ્ટન્સ માર્કેટિંગ માધ્યમથી ખરીદી કરી હોય તો તમારા પોલિસીના દસ્તાવેજ પ્રાપ્ત થયાના 30 (ત્રીસ) દિવસમાં પોલિસિ પાછી મોકલાવી શકો છો. તમારે પોલિસી પાછી મોકલવા માટે કારણો આપીને લેખિત વિનંતી મોકલવાની રહેશે, જે પછી અમે પ્રો રેટા રિસ્ક પ્રીમિયમ, સ્ટેમ્પ ડ્યુટી અને જો કોઈ હોય તો તબીબી પરીક્ષણના દર કાપી લઈને તમારું પ્રીમિયમ રિફંડ કરીશું.

## 13. શું આ પોલિસી હેઠળ લોન મળી શકે છે?

ના, આ પોલિસીમાં લોન સુવિધા નથી.

## 14. 14. વીમિત આત્મહત્યા કરે તો શું થાય?

જો વીમિત પોલિસી આરંભ તારીખથી 12 (બાર) મહિનામાં આત્મહત્યા કરે તો અમે સેવા કર બાદ કરીને અમને પ્રાપ્ત કુલ પ્રીમિયમ(મો)ના 80% (એંશી ટકા) નોમિનીને ચૂકવીશું.

## 15. આ પોલિસીનો તમે મહત્તમ ઉપયોગ કઈ રીતે કરી શકશો?

ઈન્ડિયાફર્સ્ટ લાઈફ "ઈન્શ્યુરન્સ ખાતા"પ્લાન તમારા પરિવારની નાણાકીય સંરક્ષિતતા કરવાથી તમે રોકી શકે એવી કોઈ પણ ભીંસમાંથી બહાર આવવા માટે તમને મદદરૂપ થાય તે રીતે તૈયાર કરવામાં આવ્યો છે. આ યોજનાના અજોડ લાભો નીચે મુજબ છે:

- તમે પોતાનું ઈન્શ્યુરન્સ ખાતું ખોલાવી શકો છો.
- લઘુતમ રૂ. 500 અને મહત્તમ રૂ. 15,000ને આધીન તમારા રોકડ પ્રવાહ અનુસાર તમે ચાહો અથવા કરવા માગો તેટલી ચુકવણી કરી શકો છો.
- નવી પોલિસી લઈને તમારી સુવિધા અનુસાર ચાહો ત્યારે ચુકવણી કરી શકો છો.
- તમારા પોલિસીની ખરીદીના શિડ્યુલ અનુસાર તમારાં પ્રીમિયમ(મો) પાછાં પ્રાપ્ત કરો.
- ઘણી બધી એકલ પ્રીમિયમ પોલિસી મારફત તમારા ખાતામાં ઉમેરો કરીને તમારું વીમા રક્ષણ વધારતા રહો.
- જો તમે કોઈ પણ વધારાનું પેમેન્ટ નહીં કરો તો પણ તમારે કશું ગુમાવવાનું નથી.
- તમારી પોલિસી લેપ્સ થતી નથી.
- તમારી વીમિત રકમ પોલિસી/ પ્લાનની મેચ્યુરિટી/ મુદત અનુસાર પોલિસી/ પ્લાન માટે ચૂકવેલાં પ્રીમિયમના દરેક રિટર્ન પર ઘટશે.

હવે થોડા દાખલાની મદદથી આ યોજનામાંથી તમને કઈ રીત લાભ મળી શકે તે સમજી લઈએ:

### દાખલો 1: અગાઉથી નિયોજન કરો

મહેઈ ખેડૂત છે. તે તેની આવક માટે ખેતીવાડીમાંથી પ્રાપ્તિ પર આધાર રાખે છે. તે આખા પરિવારનું પેટ ભરે છે. તેણે પોતાની ગેરમોજૂદગીમાં પરિવારને કોઈ અસર નહીં થાય તેની ખાતરી રાખવા માટે પોલિસી લીધી. તેણે યોજનામાં પ્રીમિયમો એ રીતે રોકાણ કરવાનું નિયોજન કર્યું કે આરંભિક વર્ષોમાં લાંબા ગાળા સુધી રોકાણ કરી શકે છે અને ત્યાર બાદ સમયાંતરે ઘટાડો કરી શકે છે. આ પોલિસીઓ મારફત મહેશ અને તેના પરિવારને મળનારા લાભો નીચે મુજબ છે:

- મહેશ તેની પાસે સરપ્લસ આવક જેમ અને જ્યારે આવે ત્યારે ચૂકવી શકે છે. આમ, તે વીમા રક્ષણ વધારે છે.
- તેને પ્રીમિયમ ચુકવણીની તારીખને આધારે તેનાં બધાં પ્રીમિયમ(મો) (સેવા કર બાદ કરતાં)નું રિટર્ન મળે તેની ખાતરી રાખી શકે છે.
- તે 50 વર્ષની ઉંમર સુધી નવી પોલિસીઓ લેવાનું ચાલુ રાખી શકે છે અને 60 વર્ષની ઉંમર સુધી લાભો લઈ શકે છે. આમ, વૃદ્ધાવસ્થામાં પણ તેનો પરિવાર કોઈ પણ અણદેખીતા સંજોગોમાંથી સંરક્ષિત છે.
- જો તેની સાથે 7મી માર્ચ, 2026ના રોજ અજુગતી ઘટના બને તો મહેશના વહાલાજનને રૂ. 1,54,000ની કુલ વીમિત રકમનું રક્ષણ મળશે. વૈકલ્પિક રીતે તે અને તેનો પરિવાર વર્ષ 2026, 2027, 2028 અને 2029માં પ્રીમિયમ(મો) (સેવા કર બાદ કરતાં)ના વળતરમાંથી લાભ લઈ શકે છે.

| પોલિસી આરંભ તારીખ | પોલિસીની મુદત | પોલિસીની છેલ્લી તારીખ | ચૂકવાયેલું પ્રીમિયમ (₹) | મૃત્યુના સંજોગોમાં ચૂકવવાપાત્ર વીમિત રકમ (₹) |
|---|---|---|---|---|
| 02-09-2017 | 10 વર્ષ | 01-09-2027 | 2,000 | 20,000 |
| 31-03-2018 | 10 વર્ષ | 30-03-2028 | 3,500 | 35,000 |
| 23-06-2019 | 10 વર્ષ | 22-06-2029 | 4,000 | 40,000 |
| 07-09-2019 | 7 વર્ષ | 06-09-2026 | 2,500 | 17,500 |
| 03-08-2020 | 7 વર્ષ | 02-08-2027 | 2,000 | 14,000 |
| 15-07-2021 | 5 વર્ષ | 14-07-2026 | 2,000 | 10,000 |
| 31-01-2022 | 5 વર્ષ | 30-01-2027 | 3,500 | 17,500 |
| **કુલ વીમિત રકમ (મૃત્યુની તારીખે)** | | | | **1,54,000** |




**દાખલો 2: સુવિધા અનુસાર ચુકવણી કરતા રહો**

અમિત ટેક્સી ચાલક છે. તે પત્ની જોડે રહે છે અને તેનો નિયમિત આવકનો પ્રવાહ છે. તે સંસાર શરૂ કરવાનું નિયોજન કરે છે અને તેની પત્ની તથા સંતાન દરેક શક્ય નાણાકીય રીતે સંરક્ષિત રહે તેની ખાતરી રાખવા માગે છે. માહિતગાર નાગરિક હોઈ તે પોતાના ઈન્શ્યુરન્સ ખાતામાં ઉમેરો કરતો રહે છે, જેને લીધે તેના વધતા પરિવારની રેખામાં રક્ષણના મહત્તમ સ્તર સુધી પહોંચવાનું તેનું લક્ષ્ય છે. યોજનામાંથી તેના લાભો નીચે મુજબ છે:

- આ યોજના થકી રક્ષણના મહત્તમ સ્તરે પહોંચવાનું તે નિયોજન કરી શકે છે.
- તેને પોતાના ઈન્શ્યુરન્સ ખાતામાં નવી પોલિસી ઉમેરતો જાય તે દરે સમયે ઉત્તમ રક્ષણમાંથી લાભ મળશે.
- જો તે નવી પોલિસી ઉમેરવાનું ચૂકી જાય તો પણ આગામી વર્ષે ગત પોલિસીઓમાંથી તેનું જીવન રક્ષણ તેને અને તેના પરિવારજનોને સંરક્ષિત રાખશે.
- જો 30મી મે, 2022ના રોજ તેને કોઈ અજુગતી ઘટના નડે તો અમિતનો પરિવાર રૂ. 5,12,500ની કુલ વીમિત રકમ સાથે નાણાકીય રીતે સંરક્ષિત રહે છે. જો તે પોલિસીની મુદત(તો) સુધી જીવિત રહે તો તેને તેની પોલિસીઓમાંથી પ્રીમિયમ(મો) (સેવા કર બાદ કરીને)નું નિયમિત વળતર મળશે.
- તેણે પોતાને માટે યોગ્ય યોજના લીધી તે બદલ તેને સંતોષ છે: “બ્યાજ કા બીમા, મૂલ વસૂલ”

| પોલિસી આરંભ તારીખ | પોલિસીની મુદત | પોલિસીની છેલ્લી તારીખ | ચૂકવાયેલું પ્રીમિયમ (₹) | મૃત્યુના સંજોગોમાં ચૂકવવાપાત્ર વીમિત રકમ (₹) |
|---|---|---|---|---|
| 14-06-2017 | 5 વર્ષ | 13-06-2022 | 10,000 | 50,000 |
| 20-11-2017 | 5 વર્ષ | 19-11-2022 | 15,000 | 75,000 |
| 02-02-2019 | 5 વર્ષ | 01-02-2024 | 6,000 | 30,000 |
| 14-09-2019 | 5 વર્ષ | 13-09-2024 | 11,000 | 55,000 |
| 20-10-2019 | 5 વર્ષ | 19-10-2024 | 9,000 | 45,000 |
| 27-01-2021 | 5 વર્ષ | 26-01-2026 | 15,000 | 75,000 |
| 23-02-2021 | 5 વર્ષ | 22-02-2026 | 2,500 | 12,500 |
| 17-03-2022 | 5 વર્ષ | 16-03-2027 | 10,000 | 50,000 |
| 05-04-2022 | 5 વર્ષ | 04-04-2027 | 9,000 | 45,000 |
| 01-05-2022 | 5 વર્ષ | 30-04-2027 | 15,000 | 75,000 |
| **કુલ વીમિત રકમ (મૃત્યુની તારીખે)** | | | | **5,12,500** |



**દાખલો 3: પર્પેચ્યુઅલ ખાતા – કટિબદ્ધતા વિના કટિબદ્ધ!**

રોહિત ફ્રીલાન્સ લેખક છે. તે હંમેશાં બહાર ફરતો રહે છે અને તેની જીવનશૈલી માટે પૂરક નાણાકીય યોજના લેવાનું તેને ગમે છે. વર્તમાન સમયમાં મોટા ભાગના લોકો નોકરી અને ખાતરીદાયક આવકની અનિશ્ચિતતાને લીધે લાંબા ગાળા માટે કટિબદ્ધ રહેવા માટે ખચકાટ અનુભવે છે ત્યારે રોહિતને આગામી સમય માટે તૈયાર રહેવાનું ગમે છે. તેનો મંત્ર ટૂંકા ગાળામાં નાના પ્રયાસો થકી લાંબા ગાળા માટે નિયોજન કરવાનો છે.

ઈન્ડિયાફર્સ્ટ લાઈફ "ઈન્શ્યુરન્સ ખાતા" પ્લાન લઈને આપણને મળનારા અજોડ લાભો નીચે મુજબ છે:

- તેની જીવનશૈલી અને આવક સાથે યોજના અનુકૂળ છે, કારણ કે પ્રીમિયમ ચુકવણીની તેમાં નિયમિત કટિબદ્ધતા નથી.
- તે પોતાના સમયે, પોતાની સુવિધાએ, મોબાઈલ એપ્લિકેશનની મદદથી જોઈએ ત્યારે ખરીદી શકે છે. તે પોતાનું જીવન રક્ષણ વધારવા માટે ઘણી બધી પોલિસીઓ પણ લઈ શકે છે.
- જો 21મી નવેમ્બર, 2023ના રોજ રોહિતને કશું થાય તો તેના પરિવારને રૂ. 2,77,000ની કુલ વીમિત રકમ મળશે. અન્યથા તેને વર્ષ 2024, 2025, 2027, 2029 અને 2032માં શિડ્યુલ મુજબ તેનાં પ્રીમિયમ(મો) (સેવા કર બાદ કરતાં)નું વળતર મળશે.

| પોલિસી આરંભ તારીખ | પોલિસીની મુદત | પોલિસીની છેલ્લી તારીખ | ચૂકવાયેલું પ્રીમિયમ (₹) | મૃત્યુના સંજોગોમાં ચૂકવવાપાત્ર વીમિત રકમ (₹) |
|---|---|---|---|---|
| 15-08-2017 | 7 વર્ષ | 14-08-2024 | 15,000 | 1,05,000 |
| 17-11-2017 | 10 વર્ષ | 16-11-2027 | 5,000 | 50,000 |
| 16-01-2020 | 5 વર્ષ | 15-01-2025 | 10,000 | 50,000 |
| 08-07-2022 | 10 વર્ષ | 07-07-2032 | 4,000 | 40,000 |
| 04-08-2022 | 5 વર્ષ | 03-08-2027 | 5,000 | 25,000 |
| 02-10-2022 | 7 વર્ષ | 01-10-2029 | 1,000 | 7,000 |
| **કુલ વીમિત રકમ (મૃત્યુની તારીખે)** | | | | **2,77,000** |



### 16. રિબેટની બંધીઃ

વીમા ધારા 1938ની કલમ 41, સમયાંતરે કરાતી સુધારણા મુજબ નોંધાવવાનું રહેશે. આ અંગે વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટની વિઝિટ કરોઃ www.indiafirstlife.com.

### 17. ઠગાઈ અને ખોટું આલેખનઃ

વીમા ધારા 1938ની કલમ 45, સમયાંતરે કરાતી સુધારણા મુજબ નોંધાવવાનું રહેશે. આ અંગે વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટની વિઝિટ કરોઃ www.indiafirstlife.com.

### 18. ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ વિશે

ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ કંપની બેન્ક ઓફ બરોડા, આંધ્ર બેન્ક અને લીગલ એન્ડ જનરલ (યુકે) વચ્ચેનું સંયુક્ત સાહસ છે. બેન્ક ઓફ બરોડા ભારતના ભૂગોળમાં ફેલાયેલી 5200 શાખા અને વિશ્વભરના 24 દેશોમાં 100 શાખાના બેસુમાર નેટવર્ક સાથે દેશમાં સૌથી વિશાળ જાહેર ક્ષેત્રની બેન્કમાંથી એક છે. આ વિશાળ નાણાકીય સંસ્થા 100 વર્ષ જૂની છે અને નાણાકીય સૂઝબૂઝ, કોર્પોરેટ શાસન અને સૌથી મહત્ત્વપૂર્ણ એટલે તમારા જેવા મૂલ્યવાન ગ્રાહકોના વિશ્વાસ પર બની છે. આંધ્ર બેન્ક ભારતીય ગ્રાહકોને 90 વર્ષથી સેવા આપે છે અને હાલમાં તેનું 2500 શાખાઓનું નેટવર્ક છે. બેન્કે તેના મૂલ્યવાન ગ્રાહકો માટે કક્ષામાં ઉત્તમ ડિપોઝિટ અને લેન્ડિંગ યોજનાઓ વિકસાવી છે. બંને બેન્કો રાષ્ટ્રીયકૃત છે અને તેના ગ્રાહકોને કક્ષામાં ઉત્તમ પ્રોડક્ટો અને સેવાઓ આપે છે. લીગલ એન્ડ જનરલ 175 વર્ષના વારસા સાથે યુકેની અગ્રણી નાણાકીય સંસ્થામાંથી એક છે. તે લાઈફ એશ્યોરન્સ, પેન્શન, રોકાણો અને સામાન્ય વીમા યોજનાઓ યુકેના લગભગ 5.5 મિલિયન ગ્રાહકોને પૂરાં પાડે છે. તેને ભારતમાં સમૃદ્ધ ફંડ વ્યવસ્થાપન અને વીમા અનુભવ છે.

**બીડાણ એ**

જીએસવી પરિબળો નીચે કોષ્ટક મુજબ છેઃ

| જીએસવી પરિબળ જો કોઈ હોય તો, સેવા કર, વધારાનાં પ્રીમિયમ અને રાઈડર પ્રીમિયમને બાદ કરતાં ચૂકવેલાં એકલ પ્રીમિયમ પર લાગુ થાય છે. | | | |
|---|---|---|---|
| **સુપરતનું પોલિસી વર્ષ** | **પોલિસીની મુદતઃ 5 વર્ષ** | **પોલિસીની મુદતઃ 7 વર્ષ** | **પોલિસીની મુદતઃ 10 વર્ષ** |
| 1 | 70% | 70% | 70% |
| 2 | 70% | 70% | 70% |
| 3 | 70% | 70% | 70% |
| 4 | 90% | 75% | 75% |
| 5 | 90% | 75% | 75% |
| 6 | લાગુ નહીં | 90% | 80% |
| 7 | લાગુ નહીં | 90% | 80% |
| 8 | લાગુ નહીં | લાગુ નહીં | 85% |
| 9 | લાગુ નહીં | લાગુ નહીં | 90% |
| 10 | લાગુ નહીં | લાગુ નહીં | 90% |

અસ્વીકારઃ આ વેચાણ પત્રક સત્તાઓ સાથે ભરવામાં આવેલી યોજનાની વિશિષ્ટતા સાથે સાતત્યતામાં છે. કર લાભો સમયાંતરે ફેરફારને આધીન છે. તમને તમારા ટેક્સ કન્સલ્ટન્ટની સલાહ લેવાનો અનુરોધ છે. પ્રોડક્ટનું નામઃ ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ''ઈન્શ્યુરન્સ ખાતા''પ્લાન, પ્રોડક્ટનું યુઆઈએન 143N031V01, ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ. આઈઆરડીએઆઈ નોંધણી નં. 143. નોંધણીકૃત અને કોર્પોરેટ કાર્યાલય સરનામુંઃ 301, બી વિંગ, ધ ક્યુબ, ઈનફિનિટી પાર્ક, દિંડોશી – ફિલ્મ સિટી રોડ, મલાડ (પૂર્વ), મુંબઈ–400 097. www.indiafirstlife.com SMS<LIFE> 5667735 ઉપર. એસએમએસ શુલ્ક લાગુ. ઉક્ત પ્રદર્શિત ટ્રેડ લોગો મેસર્સ બેન્ક ઓફ બરોડા, મેસર્સ આંધ્ર પ્રદેશ બેન્ક અને મેસર્સ લીગલ એન્ડ જનરલની માલિકીનો છે અને ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ કંપની લિ. દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાયો છે. CIN: U66010MH2008PLC183679, ટોલ ફ્રી નં. 1800 209 8700. Advt. Ref. No.: IndiaFirst Life "INSURANCE KHATA" Plan/Brochure/Guj/001

તરકટી ફોન કોલ્સ અને બોગસ/ છેતરામણી ઓફરોથી સાવધાન રહો.

આઈઆરડીએઆઈ જનતાને સ્પષ્ટતા કરે છે કે

- આઈઆરડીએઆઈ કે તેના અધિકારીઓ વીમો કે નાણાકીય યોજનાઓના કોઈ પ્રકારનું વેચાણ જેવી પ્રવૃત્તિઓમાં સંકળાયેલા નથી અને પ્રીમિયમનું રોકાણ કરતા નથી.
- આઈઆરડીએઆઈ કોઈ પણ બોનસ જાહેર કરતી નથી. જાહેર જનતાને જો આવા છેતરામણા ફોન કોલ્સ આવે તો ફોન કોલ નંબરની વિગતો સાથે પોલીસ ફરિયાદ નોંધાવવાની વિનંતી છે.

A Joint Venture of

Bank of Baroda

Legal & General

Andhra Bank

IndiaFirst

LIFE INSURANCE